જમીન સોદાના નામે બે દલાલે 5 લાખ પડાવી લીધા

સુરત: પાલનપુર પાટિયા ખાતે રંગ અવધૂત સોસાયટીમાં રહેતી અને ઘરકામ કરતી કૈલાશબેન પટેલે (ઉ.વ.50) વર્ષ 2024માં કૌટુંબિક વિવાદને કારણે પોતાના ભાગની જમીન વેચવા માટે દલાલ અરૂણભાઈ ચૌધરી અને અલ્પેશભાઈ રાણાનો સંપર્ક કર્યો હતો. સોદા ચિઠ્ઠી વખતે દલાલોએ સ્ટેમ્પ અને દલાલી પેટે કુલ રૂ.6,00,000ની માંગણી કરતાં કૈલાશબેને બેંકમાંથી નાણાં ઉપાડીને આપ્યા હતા. બાદમાં સોદો રદ થતાં તેમણે રકમ પરત માંગી હતી. દલાલોએ માત્ર રૂ.1 લાખ પરત આપી બાકીના રૂ.5 લાખ અવનવા બહાના કાઢી પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો. રાંદેર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સગીરાની છેડતીમાં વેપારીને ૨ વર્ષની સજા

સુરત: લિંબાયત વિસ્તારમાં કરિયાણાનો વેપાર કરતા આરોપીએ વેફર લેવા આવેલી સગીરા સામે અશ્લીલ હરકત કરવાના કેસમાં પોકસો કોર્ટે આરોપી વગતારામ ઉર્ફે વિક્રમ ભેરારામ ચૌધરી (પટેલ)ને ૨ વર્ષની કેદ અને ૩૦ હજારનો દંડ ફટકાર્યો હતો. તા. ૯/૧૦/૨૦૨૪ના રોજ મકાન માલિક દ્વારા ૧૩ વર્ષની સગીરાને કિરાણા સ્ટોર પર વેફર અને ફરાળ લેવા મોકલવામાં આવી હતી ત્યારે દુકાનમાલિક વગતારામે અશ્લીલ હરકત કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહીમાં સરકાર પક્ષે એપીપી વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને સજા ફટકારી હતી.

ચેક રિટર્ન કેસમાં મહિલાને ૧ વર્ષની કેદની સજા

સુરત: પુરૂષાર્થ નિધિ લિ. પાસેથી લીધેલી લોનના ડિફોલ્ટર ઉષાબેન રામેશ્વર રાજપુતને ચેક રિટર્ન કેસમાં કોર્ટે ૧ વર્ષ ની સાદી કેદની સજા કરી ચેકની રકમ વળતર તરીકે ચુકવી આપવા હુકમ કર્યો હતો. આરોપીએ બાકી લોનની રકમ પેટે રૂ. ૭૯,૮૬૬નો એક ચેક સંસ્થાને આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં સંસ્થાએ એડવોકેટ રમેશ સાનેપરા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં કોર્ટે આરોપી ઉષાબેનને દોષિત ઠેરવી હતી.

ખંડણી કેસમાં આગોતરાં જામીન કોર્ટે મંજૂર કર્યા

સુરત : ગોડાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખંડણીના કેસમાં આરોપી કૌશિક વલ્લભભાઈ હિરપરાના આગોતરા જામીન કોર્ટે મંજુર કર્યા હતા. આરોપી તરફે એડવોકેટ ઝમીર શેખે દલીલો કરી હતી. ફરિયાદ મુજબ વર્ષ ૨૦૧૪ માં ફરિયાદીએ એસ કે નગર સોસાયટી, ગોડાદરાના પ્લોટ કબજા રસીદથી ખરીદ્યા હતા. ૨૦૧૫ માં બાંધકામ શરૂ કરતા કૌશિક પટેલે માલિકીનો દાવો કરી ૫૦ લાખની માંગણી કરી ૬ લાખ રોકડા લીધાનો આરોપ છે.

કંકાસથી કંટાળી પરિણીતાનો આપઘાત

સુરત : પુણાગામ વિસ્તારમાં ઘરકંકાસથી કંટાળી પરિણીતાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી અનુસાર, મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના પરવડી ગામના વતની અને હાલ પુણાગામમાં આવેલી જય ભવાની સોસાયટીમાં રહેતા વિજયભાઈ મુંજાણી વેસુ ખાતે આર્કિટેક્ટની ઓફિસ ધરાવે છે. તેમને સંતાનમાં બે પુત્ર છે. કાલે સાંજે તેમની 27 વર્ષીય પત્ની સીમાએ ઘરના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ઘરકંકાસના કારણે સીમાબેને આ અંતિમ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે વધુતપાસ હાથ ધરી છે.

વસ્તાદેવડી રોડ ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી માથા વગરની મળેલી લાશની ચકચારી ઘટના

33 હજાર માટે ધડથી માથું અલગ

મરનાર સંજય પગારમાંથી સાથે રહેવાનાં નાણાં ઓછા આપતો હોવાની માથાકૂટમાં હત્યા કરાઈ હતી

હત્યા કરી લાશને કબ્રસ્તાનમાં નામી દીધી, બે દિવસ બાદ માથું કાપી નાંખીને અલકાપુરી બ્રિજ નીચે ફેંકી દીધું

સુરત: વસ્તાદેવડી રોડ પર આવેલા CNI ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી મંગળવારે મળી આવેલી માથા વગરની યુવકની લાશ મળવાની ઘટનાનો ભેદ કતારગામ પોલીસે ઉકેલી હત્યારાની ધરપકડ કરી મૃતકનું માથું પણ કબજે કર્યું છે.

માથા વગરની લાશ મળ્યા બાદ કતારગામ પોલીસની ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસને બાતમી મળી હતી કે હત્યા કરનાર સચીત્રકુમાર નરેન્દ્ર બાલ છે અને તે લાશ મળી હતી તેની બાજુમાં આવેલી રેલ રાહત કોલોનીના મકાન નંબર 70માં રહે છે.

પોલીસે તાત્કાલિક હત્યા કરનાર સચીત્રકુમાર નરેન્દ્ર બાલ (ઉ.વ.54, રહે., 70, રેલ રાહત કોલોની, કતારગામ, મૂળ લોકનાથપુર, તા.સાલેપુર, પોલીસ સ્ટેશન નિશ્ચિત કોઈલી, જિ.કટક, ઓડિશા)ની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

પોલીસની પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે મૃતકનું નામ સંજીત ઉર્ફે સંજય વિક્રમ ખોસલા હતું અને સચીત્રકુમારને કતારગામ જીઆઈડીસીના પૂરણબાગ વિસ્તારમાં આવેલા સંચા મશીનના ખાતામાં નોકરીએ લગાડ્યો હતો. છેલ્લા સાતેક મહિનાથી સાથે કામ કરતા હતા. આરોપી ટેસ્ટિંગનું કામ કરતો હતો, જ્યારે સંજય બાઈન્ડિંગનું કામ કરતો હતો. સંજય ખાતામાં જ 24 કલાક રહેતો હતો અને અન્ય કારીગરોએ કરેલા કામનો હિસાબ નોટબુકમાં લખતો હતો.

લાશને કોથળામાં ભરી કબ્રસ્તાનમાં નાંખી આવ્યો

સંજયનો પગાર પોતાના કરતાં વધારે થતો હોવાથી આરોપીને એવી શંકા હતી કે સંજય તેના પગારમાંથી રોજના રૂ.160 ઓછા આપે છે. સાત મહિનાના 33 હજાર બાબતે મહિનાથી બંને વચ્ચે મનદુ:ખ ચાલતું હતું. આ જ અદાવતમાં ગત 1 નવેમ્બર, 2026ના રોજ બપોરે આશરે 12 વાગ્યે આરોપી સંજયને પોતાના ઘરે લઈ આવ્યો હતો. જ્યાં ધારદાર દાતરડાના ઘા ગળાના ભાગે મારી તેની હત્યા કરી નાંખી હતી. હત્યા કર્યા બાદ આરોપીએ રાત્રિના સમયે મૃતદેહને કોથળામાં ભરી પોતાના ઘરની બાજુમાં આવેલા કબ્રસ્તાનની દીવાલ કૂદીને કમ્પાઉન્ડમાં ફેંકી દીધો હતો.

ઓળખ છતી ન થાય તે માટે માથું કાપી નાંખ્યું

જોકે, મૃતકની ઓળખ છતી થવાની આશંકા હોવાથી આરોપીએ તા. 3 નવેમ્બરની વહેલી સવારે ફરી કબ્રસ્તાનમાં જઈ મૃતદેહનું માથું ગળાના ભાગેથી કાપીને ધડથી અલગ કરી દીધું હતું. ત્યારબાદ માથું મોપેડ પર એક કિલોમીટર દૂર લઈ જઈ અલ્કાપુરી બ્રિજ પરથી રેલવે પાટા પાસે ફેંકી દીધું હતું. પોલીસે આરોપીની કબૂલાતના આધારે અલ્કાપુરી બ્રિજ નીચે રેલવે ટ્રેક પાસેથી મૃતકનું માથું પણ શોધી કાઢી કબજે કર્યું હતું.

કાપડ વેપારી સાથે રૂ. 16.19 લાખની છેતરપિંડી

સુરત: ઘોડદોડ રોડ પર સૂર્યકિરણ એપાર્ટમેન્ટમાં રહેતા અને હાલ સારોલીની રાધારમણ ટેક્સટાઈલ માર્કેટ-1 ખાતે 'વી-ન્ટેક્ષ સિલ્ક મિલ'ના નામે કાપડનો વેપાર કરતાં વિનોદકુમાર કાંતિલાલ જૈન (ઉ.વ.48) અગાઉ રિંગ રોડ સ્થિત ગ્લોબલ ટેક્સટાઈલ્સ માર્કેટમાં ઓફિસ ધરાવતા હતા. 2023માં કાપડ દલાલ આકાશકુમાર ચાંડકે અમદાવાદના બે વેપારી રીતેષકુમાર ભગત ('રિદ્ધિ સિદ્ધિ હેન્ડલૂમ', રાયપુર, અમદાવાદ) અને આદિત્યકુમાર ભગતની જવાબદારી લેતાં વિનોદકુમારે રૂ.78,61,405નો ગારમેન્ટ ફેબ્રિક્સ કાપડનો જથ્થો મોકલ્યો હતો. વેપારીઓબાકી રૂ.16,19,438ની ઉઘરાણી કરતાં પોતાની દુકાન બંધ કરી દીધી હતી. વિનોદકુમારની ફરિયાદને પગલે કાપડ દલાલ આકાશ ચાંડક, રીતેષ ભગત અને આદિત્યકુમાર ભગત વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઘનતેરસ માટે નવા ઝાડુની ખરીદી કરતી મહિલાઓ



■ લોકમાન્યતા પ્રમાણે ધનતેરસના દિવસે ઝાડું ખરીદવું ખૂબ જ શુભ ગણાય છે. માનવામાં આવે છે કે ઘરને સ્વચ્છ રાખતી સાવરણી મા લક્ષ્મીને પ્રિય છે. ઝાડું ઘરમાંથી કચરો અને ગંદકી દૂર કરે છે. ધનતેરસના દિવસે નવી સાવરણી લાવવાથી ઘરમાંથી ગરીબી અને નકારાત્મક ઊર્જા બહાર નીકળી જાય છે. જેથી આ ધનતેરસ માટે સાવરણી, ઝાંડુની મહિલાઓ ખરીદી કરી રહી છે.

'તું મોટો થઈને મમ્મીનું ધ્યાન રાખજે' હીરા વેપારીનો નદીમાં કૂદી આપઘાત

મજૂરાગેટની મંત્રા રેસિડેન્સીમાં રહેતા હીરાના વેપારી જય મહેતા રાત્રે ઓફિસ જવાને બદલે નાવડી ઓવારા પર મોપેડ મૂકી સીધા સરદાર બ્રિજ પર જતા રહ્યા

દીકરાના 'પપ્પા ઘરે આવો' કહેવા છતાં પિતા ન ફર્યા, વિડીયો કોલ પર પત્ની અને પુત્ર સાથે કરી અંતિમ વાત

રાતભરની શોધખોળ બાદ નાવડી ઓવારા પાસેથી મૃતદેહ મળ્યો



રાહદારીઓ બચાવવા દોડ્યા, પરંતુ સફળતા ન મળી

બીજી તરફ બ્રિજ પર હાજર રાહદારીઓને પણ પરિસ્થિતિની ગંભીરતા સમજાતાં તેઓ મદદ માટે દોડ્યા હતા. જોકે, કોઈ કંઈ સમજે કે તેમને રોકી શકે તે પહેલાં જ જયે ચાલુ વીડિયો કોલ દરમિયાન મોબાઇલ ફોન સાથે તાપી નદીમાં છલાંગ લગાવી દીધી હતી. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ અને પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. બ્રિજ પરથી જયના ચંપલ મળી આવ્યા હતા. બીજી તરફ નાવડી ઓવારા ખાતે મૂકેલી તેમની મોપેડમાં ચાવી પણ લગાવેલી હાલતમાં મળી આવી હતી.

રાતભરની શોધખોળ બાદ સવારે મૃતદેહ મળ્યો

ફાયર વિભાગની ટીમે રાતભર તાપી નદીમાં શોધખોળ હાથ ધરી હતી. આખરે આજે સવારે નાવડી ઓવારા પાસેથી જયનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. નદીમાં મોબાઇલ ફોન ડૂબી જતાં તે હજુ સુધી મળી આવ્યો નથી.

હીરાના ધંધામાં નાણાકીય વ્યવહારોનું ટેન્શન હોવાની આશંકા

પ્રાથમિક તપાસમાં હીરાના વ્યવસાયમાં નાણાંની લેવડદેવડને લઈને ઊભા થયેલા તણાવને કારણે આ ઘટના બની હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આપઘાત પાછળનું ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. રાંદેર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બે સંતાનના પિતા એવા જય મહેતાના અચાનક મોતથી પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે.

હતા. ગત રાત્રે આશરે 8:45 વાગ્યે ઓફિસેથી નીકળ્યા બાદ તેઓ ઘરે જવાને બદલે નાવડી ઓવારા પહોંચ્યા હતા. અહીં થોડો સમય બેસ્યા બાદ પોતાની મોપેડ ત્યાં જ મૂકીને સરદાર બ્રિજ પર ગયા હતા. સરદાર બ્રિજ પર પહોંચ્યા બાદ જયે પત્નીને વીડિયો કોલ કર્યો હતો.

ત્યારબાદ દોઢ વર્ષના પુત્ર સાથે વાત શરૂ કરી હતી. પુત્રએ પિતાને ઘરે આવવા માટે આગ્રહ કરતાં તેમણે હવે ઘરે નહીં આવવાની વાત કરી અને પુત્રને મોટો થઈને માતાનું ધ્યાન રાખવા જણાવ્યું હતું. આ દરમિયાન તેઓ ભાવુક થઈ રડવા લાગ્યા હતા.

આશરે બે મિનિટ સુધી ચાલેલી આ વાતચીત દરમિયાન તેમના વર્તનથી પરિવારજનોને કંઈક અજુગતું થવાની આશંકા ગઈ હતી. પરિવારજનોને શંકા જતાં તેમને બચાવવાના પ્રયાસો શરૂ થયા હતા. પરંતુ બચાવવામાં નિષ્ફળ રહ્યા હતા.

આર્થિક ભીંસથી જ્વેલર્સનો ઘરમાં ફાંસો ખાઈ આપઘાત

પુણામાં બાબુભાઈ જ્વેલર્સના માલિક રવિ ધાનકના અંતિમ પગલાથી પરિવારમાં શોક

સુરત : સરથાણા વિસ્તારમાં રહેતા અને પુણાગામમાં સોના-ચાંદીનો શોરૂમ ચલાવતા 53 વર્ષીય જ્વેલર્સના વેપારીએ ઘરમાં જ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. મૂળ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના દાદર પરડિયા ગામના વતની અને હાલ સરથાણા જકાતનાકા વિસ્તારમાં આવેલી અનમોલ પાર્ક સોસાયટી વિભાગ-2માં રહેતા 53 વર્ષીય રવિભાઈ બાબુભાઈ ધાનક પુણાગામ વિસ્તારમાં 'બાબુભાઈ જ્વેલર્સ'ના નામે સોના-ચાંદીનો શોરૂમ ચલાવતા હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. આજે બપોરે રવિભાઈ નિત્યક્રમ મુજબ જમ્યા બાદ આરામ કરવા માટે રૂમમાં ગયા હતા. આ દરમિયાન તેમણે રૂમમાં છતના હુંક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. થોડીવાર બાદ પરિવારજનોને ઘટનાની જાણ થતાં તાત્કાલિક તેમને નીચે ઉતારી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક સમયથી રવિભાઈનો ધંધો બરાબર ચાલતો ન હતો અને તેમના માથે દેવું પણ થઈ ગયું હતું. આર્થિક મુશ્કેલી અને માનસિક તણાવના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બનાવ અંગે સરથાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભેંસાણના અર્બન ફોરેસ્ટમાં કોન્ટ્રાક્ટરે વેઠ ઉતારી છતાં બિલ ચૂકવવા દબાણ

કોન્ટ્રાક્ટરની બેકાર કામગીરી અંગે વિભાગે નોટિસ આપ્યા બાદ સુનાવણી પણ થઈ ચૂકી છે

જોકે, દિવાળી હોવાથી રાજકીય માથા દ્વારા ભલામણ કરાવીને બિલ મંજૂર કરાવવા પેરવી

સુરત:સુરત મહાનગરપાલિકાના ભેસાણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે હાથ ધરાયેલા 'વળતરરૂપ શહેરી વન વિકાસ' પ્રોજેક્ટમાં ગંભીર વિવાદ સર્જાયો છે. સ્થળ પર નિયમોનું ઉલ્લંઘન કરીને અસ્તવ્યસ્ત કામગીરી થઈ હોવાના સ્પષ્ટ આક્ષેપો છતાં, સંબંધિત એજન્સી દ્વારા ચૂકવણી મેળવવા માટે તંત્ર પર ભારે દબાણ કરવામાં આવી રહ્યું હોવાની ચોંકાવનારી બાબત સામે આવી છે. સુરત મેટ્રો રેલ કામગીરી દરમિયાન કપાયેલાં વૃક્ષોના પર્યાવરણીય વળતરરૂપે જુલાઈ ૨૦૨૨માં 'ભવાની ગાર્ડન કન્સલ્ટન્ટ એજન્સી'ને આ પ્રોજેક્ટ સોંપાયો હતો. આ યોજનાનો હેતુ સ્થાનિક અને દેશી પ્રજાતિના વૃક્ષો વાવીને જૈવવિવિધતા જાળવવાનો હતો. પરંતુ વાસ્તવિકતા એ છે કે ટેન્ડરમાં દર્શાવેલી દેશી પ્રજાતિઓનું પૂરતું વાવેતર જ કરાયું નથી. વૃક્ષો વચ્ચેનું યોગ્ય અંતર, વાવેતરની પદ્ધતિ અને વૃક્ષોના જીવંત રહેવાના દર બાબતે ગંભીર બેદરકારી દાખવવામાં આવી છે. ગંભીર ખામીઓ હોવા છતાં, સ્થળ પર કામગીરીની વાસ્તવિક ચકાસણી કે નિષ્ણાતો દ્વારા તકનીકી મૂલ્યાંકન કરાવ્યા વિના જ બિલ મંજૂર કરાવવા માટે એજન્સી ધમપછાડા કરી રહી છે. તહેવારોના સમયગાળાનો લાભ ઉઠાવી રાજકીય માથાઓના દબાણના આધારે ઉતાવળે ચૂકવણી કરાવી પાલિકાની તિજોરીને નુકસાન પહોંચાડવાની પેરવી થઈ રહી હોવાની દહેશત છે. આ મામલે અગાઉ RTI અને વિભાગીય સુનાવણી પણ થઈ ચૂકી છે. જાગૃત નાગરિકો દ્વારા મ્યુનિ.કમિ. સમક્ષ માગ કરાઈ છે કે કામગીરીની સ્વતંત્ર ટેકનિકલ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિવાદિત પેમેન્ટ તાત્કાલિક સ્થગિત રાખવામાં આવે તેમજ ગેરરીતિ આચરનાર ઈજારદાર અને તેમને છાવરતા અધિકારીઓ સામે કડક કાનૂની પગલાં લેવામાં આવે.

ફૂડચેકિંગના નામેસાયબરગઠિયા દ્વારા ડુમસના કેફેચાલકને ચૂનો

મનપાના ફૂડ ઓફિસર બની ચેકિંગ-સર્ટિ.ના બહાને 29 હજાર ઓનલાઈન પડાવી લીધા

સુરત: ડુમસ વિસ્તારમાં કેફે ચલાવતા એક વેપારી સાથે સુરત મહાનગરપાલિકાના ફૂડ ડિપાર્ટમેન્ટના અધિકારીની ખોટી ઓળખ આપીને ચેકિંગ કરવાના બહાને અને સર્ટિફિકેટ અપાવવાના નામે રૂ.29,090ની ઓનલાઈન ઠગાઈ આચરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

સુલતાનાબાદ ગામમાં આંબાવાડી 'પ્રભુવી' બંગલોઝમાં રહેતા અને ડુમસ ગામ પાસે 'ફ્લેમ્સ' નામનું કેફે ચલાવીને વેપાર કરતાં કૃણાલભાઈ રાજેન્દ્રભાઈ પટેલે (ઉ.વ.44) ડુમસ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. 27મી ઓકટો.ના રોજ રાત્રે કેફેના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર (7096678064) પરથી અજાણ્યાએ વોટ્સએપ કોલ કરીને પોતે મનપાનો ફૂડ વિભાગનો અધિકારી નીતિન છે તેમ કહીને તેઓ બીજા દિવસે બપોરે 'ફ્લેમ્સ' કેફેમાં ચેકિંગ માટે આવનાર છે, જેના ચાર્જ પેટે રૂ.3,500 ઓનલાઈન ચૂકવવા પડશે તેમ કહી પૈસા ટ્રાન્સફર કરાવી લીધી હતા. ત્યારબાદ આરોપીએ કેફેની સાફસફાઈના વિડીયો મંગાવ્યા અને બીજા દિવસે સવારે ફરી ફોન કરીને જણાવ્યું કે ફૂડ ક્વોલિટી અને સારા રિવ્યુનું સર્ટિફિકેટ આપવા માટે અને અન્ય બહાના હેઠળ કુલ રૂ.29,090 પડાવી લીધા હતા. તપાસ કરતા સાયબર ફ્રોડ હોવાનું સ્પષ્ટ થયું હતું.

મોંઘવારીની બૂમો વચ્ચે બજારમાં રૂ.300થી 30 હજાર સુધીના ફટાકડાનું વેચાણ

દિવાળીમાં હવે મ્યુઝિકલ ફટાકડા બજારમાં

કાર્ટૂનના ફટાકડાની સાથે કલર પેન્સિલ, જાદુઈ તડાફડી માંડીને પાણીમાં ફૂટતાં ફટાકડા બજારમાં

સુરત: દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આ વખતે બજારમાં માત્ર પરંપરાગત કોઠી, બોમ્બ કે ફૂલઝરી જ નહીં, પરંતુ હાઈટેક, મ્યુઝિકલ અને અવનવી ડિઝાઈન ધરાવતા ફટાકડાઓની બોલબાલા જોવા મળી રહી છે.

ફટાકડાના જથ્થાબંધ અને છૂટક વેપારીઓના જણાવ્યા મુજબ, બાળકોમાં કલર સાવલ, મેજિક બોનાન્ઝા, જાદુઈ તળાફળી, દસ કલર પેન્સિલ, જમીન ચક્કર, ભંભુ, ફૂલઝરી અને રોકેટ જેવી વેરાઈટી લોકપ્રિય બની છે. બીજી તરફ યુવાનોમાં ડબ ફટાકડા, મોરની ડિઝાઈનવાળા પીકોક ફટાકડા, સૂતરી બોમ્બ, વિક્ટર બોમ્બ, વોલ્વો બોમ્બ અને કમાન્ડર બોમ્બની માગ રહે છે.

પાણીમાં નાંખો તો પણ ફટાકડા ફૂટશે

આ વખતે બજારમાં રોડ બ્લોક કરી દેતાં મેગા મોર ફટાકડા આકર્ષણનું કેન્દ્ર છે. આ ઉપરાંત સિલિન્ડર બોમ્બ, પપેટ, ક્રિસ્ટલ, કેકલિંગવાળા, મ્યુઝિકલ ફંકશનવાળા ફડાકડાની સાથે પાણીમાં નાખો તો પણ ફૂટે એવા ફટાકડાની વેરાઈટી બજારમાં જોવા મળી રહી છે.

6થી 7 ઇંચના બામ્બુ સ્કાય શોટ્સની નવી ધૂમ

સ્કાય શોટ્સ અને મલ્ટી શોટ્સની સાથે 6થી 7 ઇંચના બામ્બુ આકારના સ્કાય શોટ્સ બજારમાં ખાસ આકર્ષણ બન્યા છે. આ ફટાકડા આકાશમાં ઊંચે જઈને મોટો પ્રકાશ અને ધડાકાની અસર ઊભી કરે છે. એકસાથે અનેક રંગોની રોશની ફેલાવતા મલ્ટી શોટ્સ પણ ગ્રાહકોની પસંદગીમાં સામેલ થયા છે.

ઓછા ધુમાડાવાળા ગ્રીન ફટાકડાની 250થી વધુ વેરાઈટી

વેપારીઓના જણાવ્યા મુજબ, સેફ વોટર રિલીઝર, સ્ટાર (સેફ થર્માઇટ ક્રેકર) અને સફલ શ્રેણીના ગ્રીન ફટાકડા વેચાણ માટે ઉપલબ્ધ છે. સામાન્ય ફટાકડાની સરખામણીએ આ ફટાકડામાં હાનિકારક ઉત્સર્જન અને ધુમાડો ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પર્યાવરણની જાળવણી સાથે દિવાળીની ઉજવણી કરવા ઇચ્છતા ગ્રાહકો માટે આ વેરાઈટી એક વિકલ્પ બની છે.

આ ઉપરાંત 240, 500 અને 1000 શોટવાળા ફટાકડા પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આકાશમાં વિવિધ રંગોની રોશની સાથે સંગીત જેવી ધ્વનિની અસર ઊભી કરતા મ્યુઝિકલ ફટાકડાની નવી વેરાઈટીઓ પણ બજારમાં આવી છે.

સુરતમાં નવસારી બજાર, ભાગળ અને ટાવર રોડ ફટાકડાની ખરીદી માટેનાં મુખ્ય કેન્દ્રો છે. જ્યારે ડભગરવાડ, ગલેમંડી અને દિલ્હીગેટ સહિતના વિસ્તારોમાં પણ દિવાળીની મોસમને ધ્યાનમાં રાખીને સીઝનલ સ્ટોલ શરૂ કરવામાં આવ્યા છે.

મિક્કી માઉસથી ડોરેમોન સુધીનાં ફટાકડાનું આકર્ષણ

નાનાં બાળકોને આકર્ષવા માટે આ વખતે બજારમાં કાર્ટૂન અને રમકડાં જેવા આકાર ધરાવતા ફટાકડાની નવી શ્રેણી આવી છે. લોલીપોપ, કાર, મિક્કી માઉસ, ડોરેમોન અને એન્ગ્રી બર્ડ્સ જેવા આકારવાળા રંગબેરંગી ક્રેકલિંગ ફાઉન્ટન બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જ્યારે એનિમલ વેરાઈટીમાં લાયન કિંગ, બટરફ્લાય ફાઉન્ટન, ગોલ્ડન ડક અને પીકોક જેવી ડિઝાઇનવાળા ફટાકડા પણ ઉપલબ્ધ છે.



દિવાળી વેકેશનમાં સરથાણા નેચર પાર્ક સોમવારે પણ ખુલ્લો

5 નવેમ્બરથી 25 નવેમ્બર-2026 સુધી સાપ્તાહિક રજા રદ

સુરત: દિવાળીના મિની વેકેશનમાં પરિવાર અને બાળકો સાથે ફરવા જવાનું આયોજન કરતાં સુરતીઓ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સરથાણા ખાતે આવેલા નેચરપાર્કના સોમવારે પણ ખુલ્લું રાખવામાં આવશે.

પાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, આગામી તારીખ 05 નવેમ્બરથી તારીખ 25 નવેમ્બર, 2026 સુધીના સમગ્ર દિવાળી વેકેશનના સમયગાળા દરમિયાન આવતા તમામ સોમવારના દિવસોમાં નેચરપાર્કના દરવાજા આમ જનતા માટે ખુલ્લા રહેશે. દિવાળીના વેકેશનમાં ખાસ કરીને બાળકોને વિવિધ વન્યજીવો અને રંગબેરંગી પક્ષીઓને નજીકથી નિહાળવાની સાથોસાથ પ્રકૃતિના ખોળામાં સમય વિતાવવાની ઉત્તમ તક સાંપડશે.